### ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મેગા ડિમોલિશન

# ટીપી-૧૩માં ૩૧ ગેરકાયદે બાંધકામ જમીનદોસ્ત

## ૨૪ મીટરના મુખ્ય માર્ગ પરથી કાચા-પાકા મકાનો, દિવાલો અને શેડ હટાવી રસ્તો ખુલ્લો કરાયો



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૬ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં ટ્રાફિક અને માર્ગ વિકાસની સમસ્યાઓના નિવારણ માટે ગેરકાયદે દબાણો સામે ઝુંબેશ તેજ કરવામાં આવી છે. આ કડી અંતર્ગત કોર્પોરેશનની દબાણ શાખાની ટીમ દ્વારા ટીપી ૧૩ વિસ્તારમાં માર્ગ વિકાસને અવરોધતા ૩૧ જેટલા ગેરકાયદે દબાણોને તોડી પાડી રસ્તાને ખુલ્લો કરવાની વ્યાપક કામગીરી હાથ ધરવામાં આવી હતી. કોર્પોરેશનની આ કડક કાર્યવાહીથી ગેરકાયદે બાંધકામો કરનારા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

મળતી વિગતો અનુસાર, વડોદરા કોર્પોરેશનના ટીપી વિભાગ અને દબાણ હટાવ શાખાની ટીમ દ્વારા શહેરના એન.જે. મેટલથી મધુનગર બ્રિજ તરફ જતા ૨૪ મીટર પહોળા ટીપી મુખ્ય માર્ગ પર ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. લાંબા સમયથી આ મુખ્ય માર્ગ પર વિવિધ પ્રકારના કાચા-પાકા બાંધકામો અને દબાણો ખડકાઈ ગયા હતા, જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડતી હતી અને રોડ ડેવલપમેન્ટના કામો પણ અટકી પડ્યા હતા. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે તંત્ર દ્વારા જેસીબી મશીનો સાથે રાખીને સપાટો બોલાવવામાં આવ્યો હતો.

આ આક્રમક કાર્યવાહી દરમિયાન માર્ગમાં નડતરરૂપ બનતી વિવિધ સોસાયટીઓ અને કોમર્શિયલ એકમોની કમ્પાઉન્ડ વોલ, ગેરકાયદેસર રીતે ઉભા કરાયેલા શેડ, રોડ પર લંબાવેલા ઓટલા, કાચા તેમજ પાકા મકાનો અને રસ્તા પર નડતા લોખંડ તથા સિમેન્ટના દાદર સહિતના તમામ ગેરકાયદે બાંધકામોને જમીનદોસ્ત કરી દેવામાં આવ્યા હતા. તંત્ર દ્વારા રસ્તા પર ટ્રાફિકને નડતો અંદાજે ત્રણ ફૂટ પહોળો મોટો શેડ પણ તોડી પાડવામાં આવ્યો હતો.

આ સંવેદનશીલ દબાણ હટાવવાની કામગીરી દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને અને કાયદો તથા વ્યવસ્થાની સ્થિતિ સુમેળભરી જળવાઈ રહે તે માટે ફતેગંજ પોલીસ સ્ટેશનનો મોટો કાફલો ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ઘટનાસ્થળે તૈનાત રહ્યો હતો. તંત્રના અધિકારીઓ સાથે રહીને પોલીસે સમગ્ર કામગીરી શાંતિપૂર્ણ રીતે પાર પાડી હતી. આ મેગા ડિમોલિશન કામગીરીમાં માત્ર દબાણ શાખા જ નહીં, પરંતુ ટાઉન પ્લાનિંગ વિભાગ, ફાયર બ્રિગેડની ટીમ, એમજીવીસીએલ, કોર્પોરેશનનો સ્ટ્રીટ લાઈટ વિભાગ તેમજ મેડિકલ વિભાગ સહિતની વિવિધ ટીમોના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ પણ સાધન-સામગ્રી સાથે ખડેપગે હાજર રહ્યા હતા. આ ઝુંબેશમાં કુલ ૩૧ ગેરકાયદે દબાણો દૂર કરી ૨૪ મીટરના આ અગત્યના ટીપી રોડને સંપૂર્ણપણે ખુલ્લો અને મોકળો કરવામાં આવ્યો હતો.

### ત્રણેય વાહનોનો કચ્ચરઘાણ, ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં સારવાર હેઠળ

# NH48 પર એરફોર્સ બ્રિજ નીચે બે મોપેડ સવારને કારે અડફેટે લીધા




(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૬ NH ૪૮ પર અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યો છે, ત્યારે આજે ફરી એકવાર એરફોર્સ બ્રિજ નીચે આવેલા સર્વિસ રોડ પર એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. એક બેફામ ગતિએ આવી રહેલી ફોર વ્હીલર કારના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા સર્વિસ રોડ પર જઈ રહેલા બે અલગ-અલગ ટુ-વ્હીલર (મોપેડ) સવારોને જોરદાર ટક્કર મારી અડફેટે લીધા હતા. આ ત્રિપલ અકસ્માતને પગલે હાઈવે પર ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. એરફોર્સ બ્રિજ નીચેથી પસાર થઈ રહેલા સર્વિસ રોડ પર કાર નંબર GJ 06 PK 4996 ના ચાલકે પોતાના વાહનને પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી બે મોપેડ ચાલકોને અડફેટે લીધા હતા. કારની અડફેટે આવેલા ટૂ-વ્હીલરના નંબરો GJ 06 HR 6228 અને GJ 06 KS 7949 હોવાનું જાણવા મળ્યું છે. આ અકસ્માત એટલો જોરદાર હતો કે ટક્કર વાગતા જ મોપેડ સવારો રોડ પર ફંગોળાયા હતા અને ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. અકસ્માતની તીવ્રતા એટલી વધારે હતી કે ત્રણેય વાહનોનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને વાહનોને ભારે નુકસાન પહોંચ્યું હતું. સ્થાનિક લોકોએ તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ૧૦૮ ની ટીમ તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને પ્રાથમિક સારવાર આપી તમામ ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

### NEET-UG ૨૦૨૬ પૂર્વે મોટો નિર્ણય

# પેપર લીક રોકવા ટેલિગ્રામના એડિટ ફિચર પર તા.૨૨ જૂન સુધી પ્રતિબંધ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.16 નીટ-યુજી 2026ની પુનઃ પરીક્ષા પહેલા કેન્દ્ર સરકારે મહત્વનો નિર્ણય લેતા ટેલિગ્રામ એપ પર 22 જૂન સુધી કામચલાઉ પ્રતિબંધ મૂક્યો છે. 3 મેના રોજ રદ થયેલી પરીક્ષા હવે 21 જૂનના રોજ યોજાશે અને પરીક્ષાનું સંચાલન સુરક્ષિત અને પારદર્શક રીતે થાય તે સુનિશ્ચિત કરવા માટે આ પગલું ભરાયું છે.

એનટીએ અને ગૃહ મંત્રાલયની સંયુક્ત તપાસમાં સામે આવ્યું હતું કે કેટલીક ગેંગ ટેલિગ્રામ ચેનલો દ્વારા વિદ્યાર્થીઓને પ્રશ્નપત્ર આપવાના નામે લાખોની છેતરપિંડી કરી રહી હતી. રી-નીટ 2026 અને પેપર લીક ના નામે ચાલતી અનેક નકલી ટેલિગ્રામ ચેનલો દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી નાણાં પડાવવામાં આવી રહ્યા હતા. તપાસમાં એ પણ ખુલ્યું કે ટેલિગ્રામના મેસેજ એડિટ ફીચરનો દુરુપયોગ કરીને જૂના મેસેજમાં પ્રશ્નપત્ર ઉમેરી તેને લીક થયેલું ગણાવવાની ચાલબાજી થતી હતી. સોશિયલ મીડિયા પર ફેલાતી આવી અફવાઓને અટકાવવા માટે કેન્દ્ર સરકારે આ પ્રતિબંધનો નિર્ણય લીધો છે.

ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર અને વિવિધ રાજ્ય પોલીસ દ્વારા સંયુક્ત ઓપરેશન ચલાવીને આવી અનેક નકલી ચેનલો અને બોટ્સને દૂર કરવામાં આવ્યા છે. એનટીએ એ સ્પષ્ટ કર્યું છે કે પ્રશ્નપત્ર સંપૂર્ણપણે સુરક્ષિત છે અને કોઈ પણ પ્રકારનું લીક થયું નથી. એજન્સીએ તમામ ઉમેદવારો અને વાલીઓને વિનંતી કરી છે કે તેઓ સોશિયલ મીડિયા પર ફેલાતી કોઈપણ અફવા કે અપ્રમાણિત માહિતી પર વિશ્વાસ ન રાખે. પરીક્ષા અંગેની તમામ અધિકૃત માહિતી માત્ર એનટીએની સત્તાવાર વેબસાઈટ પરથી જ મેળવવા સૂચના આપી છે.

# ૧૮ જૂને જિલ્લા પંચાયત ખાતે ધરણા પ્રદર્શન

( પ્રતિનિધિ ) વડોદરા,તા.16 વર્ષ 2010 પહેલાં નિમણૂક પામેલા અનુભવી શિક્ષકોને ટેટમાંથી કાયમી મુક્તિ આપવાની માંગ સાથે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, વડોદરા જિલ્લા દ્વારા તા. 18 જૂનના રોજ જિલ્લા કક્ષાના ધરણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. બપોરે 3:00 થી 5:00 કલાક દરમિયાન જિલ્લા પંચાયત, વડોદરા ખાતે યોજાનારા આ ધરણાંમાં જિલ્લાના ખૂણે-ખૂણેથી હજારો શિક્ષક ભાઈ-બહેનો જોડાશે. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતના આહ્વાનથી સમગ્ર રાજ્યમાં શિક્ષક હિતના વિવિધ પ્રશ્નોને લઈને જિલ્લા કક્ષાએ ધરણા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. વડોદરા જિલ્લા સંગઠને જણાવ્યું કે, વર્ષો સુધી શિક્ષણ કાર્યમાં નિષ્ઠાપૂર્વક સેવા આપી રહેલા શિક્ષકોને પ્રમોશન અને ઉચ્ચતર જવાબદારીઓ માટે ફરીથી ટેટ પરીક્ષા ફરજિયાત બનાવવામાં આવતા શિક્ષક સમાજમાં વ્યાપક અસંતોષ છે.

### નિઝામપુરામાં પ્રી-મોન્સૂનના નામે મંજૂરી વગર છ તંદુરસ્ત વૃક્ષો કાપી નંખાતા ભારે વિવાદ

# શહેરમાં વૃક્ષારોપણના નાટક વચ્ચે તંત્ર દ્વારા લીલાછમ વૃક્ષોનું નિકંદન!



( પ્રતિનિધિ ) વડોદરા,તા.16 વડોદરા શહેરના નિઝામપુરા વિસ્તારમાં પ્રી-મોન્સૂન કામગીરી અને ટ્રિમિંગના નામે લીલાછમ વૃક્ષો કાપી નાખવાની ગંભીર ઘટના સામે આવતા સ્થાનિકો અને પર્યાવરણ પ્રેમીઓમાં ભારે રોષ અને વિવાદ જોવા મળી રહ્યો છે. નિઝામપુરા બસ ડેપો પાસે આવેલા મુખ્ય માર્ગ પરથી વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા છ જેટલા મોટા અને તંદુરસ્ત વૃક્ષોને મૂળમાંથી કાપી નાખવામાં આવતા તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા થયા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, કોર્પોરેશન દ્વારા હાથ ધરવામાં આવેલી આ કામગીરીને લઈને જ્યારે સજાગ નાગરિકો દ્વારા તંત્રમાં પૂછપરછ કરવામાં આવી, ત્યારે આશ્ચર્યજનક વિગતો સામે આવી હતી.

મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી એવો જવાબ મળ્યો હતો કે આ વૃક્ષો કાપવા માટે કોર્પોરેશન દ્વારા સત્તાવાર રીતે કોઈ જ પરવાનગી આપવામાં આવી નથી. તંત્રના આ જવાબને કારણે સ્થાનિકોમાં વ્યાપક ચર્ચા જાગી છે કે જો સત્તાવાર મંજૂરી નહોતી, તો કોના ઈશારે આ વૃક્ષોનું નિકંદન કાઢી નાખવામાં આવ્યું? સામાન્ય રીતે પ્રી-મોન્સૂન કામગીરી અંતર્ગત માત્ર જોખમી અથવા નમી ગયેલા વૃક્ષોની ડાળીઓ જ કાપવાની જરૂરિયાત હોય છે. પરંતુ અહીં કાપવામાં આવેલા તમામ છ વૃક્ષો એકદમ મજબૂત અને સ્વસ્થ હતા. આશ્ચર્યની વાત એ છે કે વૃક્ષો કપાતાની સાથે જ તેના કિંમતી લાકડા ઉપાડવા માટે કોર્પોરેશનના ટ્રેક્ટરો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા, જે સમગ્ર પ્રક્રિયા પાછળ કોઈ મોટી મિલીભગત હોવાની આશંકા જન્માવે છે.

### NEET-૨૦૨૬ પહેલા NTA સતર્ક

# વાલીઓને પેપર લીક અને નકલી અધિકારીઓથી ચેતવ્યા

**વિદ્યાર્થીઓ,** વાલીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ માટે ખાસ ઓનલાઈન પ્લેટફોર્મ કાર્યરત કરાયું

( પ્રતિનિધિ ) વડોદરા,તા.16 મેડિકલ પ્રવેશ પરીક્ષા નીટ-યુજી 2026ના આયોજનને હવે ગણતરીના દિવસો બાકી છે. 21 જૂનના રોજ યોજાનારી આ પરીક્ષાને લઈને એનટીએ દ્વારા વિદ્યાર્થીઓ, વાલીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ માટે ખાસ સમર્પિત ઓનલાઈન પ્લેટફોર્મ કાર્યરત કરાયું છે.

ઓનલાઈન પોર્ટલના માધ્યમથી પરીક્ષા સંબંધિત કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ, છેતરપિંડીના પ્રયાસો કે સોશિયલ મીડિયા પર ફેલાતી ભ્રામક અફવાઓની સીધી સત્તાવાર જાણ કરી શકાશે. જેથી પરીક્ષા માફિયાઓ અને અફવાબાજો પર ત્વરિત કાયદાકીય સકંજો કસી શકાય. એનટીએ એ સ્પષ્ટ ચેતવણી આપી છે કે, સોશિયલ મીડિયા કે મેસેજિંગ ચેનલો પર પ્રશ્નપત્રો અથવા આન્સર કી એડવાન્સમાં આપવાના દાવા કરનારા તત્વો સામે કડક નજર રાખવામાં આવી રહી છે.

જો કોઈ વ્યક્તિ જૂઠા ગેરંટીડ પરિણામ અથવા લીક થયેલા પેપરના બદલામાં નાણાંની માંગણી કરે, કે એનટીએના નકલી અધિકારી બનીને વિદ્યાર્થીઓને છેતરવાનો પ્રયાસ કરે, તો તેની વિગતો તાત્કાલિક પુરાવા સાથે પોર્ટલ પર સબમિટ કરવાની રહેશે.

આ માટે સત્તાવાર પોર્ટલ પર જઈને ઘટનાની લિંક, સ્ક્રીનશોટ કે દસ્તાવેજો અપલોડ કરી શકાશે. એનટીએ એ વિદ્યાર્થીઓને અફવાઓથી દૂર રહી માત્ર સત્તાવાર માહિતી પર જ ભરોસો રાખવા અપીલ કરી છે.

### દીકરાના મોહમાં પતિએ પત્નીનું જીવન દુષ્કર કર્યુ

# સંતાનમાં દીકરો ન જન્મતા પત્નીને બીજી મહિલા સાથે લગ્નની ધમકી આપતો પતિ

**વર્ષો સુધી** સહન કર્યા બાદ મહિલાએ પોલીસનો સહારો લીધો

**લગ્નજીવન** દરમિયાન અનેક વખત ગર્ભપાત કરાવ્યાનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા.16 વડોદરાના અટલાદરા વિસ્તારમાં રહેતી 47 વર્ષીય મહિલાને, લગ્નજીવન દરમિયાન દીકરો ન જન્મતા પતિ સતત અપમાનિત કરતા હતા. બીજી મહિલા સાથે લગ્ન કરવાની ધમકી આપી દીકરી સાથે ઘરેથી કાઢી મૂક્યા હતા. વર્ષો સુધી ત્રાસ સહન કર્યા બાદ મહિલાએ આખરે કાયદાનો આશરો લીધો છે. અટલાદરા વિસ્તારમાં રહેતી 47 વર્ષીય મહિલાએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના લગ્ન વર્ષ 2001માં હિંદુ રીતિ-રિવાજ મુજબ થયા હતા. લગ્ન બાદ દંપતી યુનાઈટેડ કિંગડમ સહિત વિવિધ સ્થળોએ રહેતું હતું. મહિલાનો દાવો છે કે પતિના અભ્યાસ અને કારકિર્દી માટે તેમણે પોતાની નોકરીમાંથી મળતી આવક ઉપરાંત દાગીના વેચીને મળેલી રકમ પણ આપી હતી. ફરિયાદ અનુસાર, લગ્નજીવન દરમિયાન અનેક વખત ગર્ભપાત અને એક બાળકીના જન્મ બાદ થયેલા મૃત્યુ માટે પતિ સતત પત્નીને જવાબદાર ઠેરવતા હતા. આ કારણે મહિલાને લાંબા સમય સુધી માનસિક યાતના ભોગવવી પડી હતી. વર્ષ 2019માં દીકરી સારાના જન્મ બાદ પણ પતિના વર્તનમાં કોઈ સુધારો આવ્યો ન હતો. મહિલાના જણાવ્યા મુજબ, પતિ વારંવાર દીકરાની માંગણી કરતા અને દીકરો ન હોવાના કારણે અપમાનજનક ટિપ્પણીઓ કરતા હતા. એટલું જ નહીં, બીજી મહિલા સાથે લગ્ન કરવાની વાતો કરીને છૂટાછેડાની ધમકીઓ પણ આપતા હતા.

મહિલાએ એવો પણ આક્ષેપ કર્યો છે કે પતિ અન્ય મહિલા સાથે સંબંધમાં હતા અને છેલ્લા કેટલાક સમયથી ઘરખર્ચ આપવાનું પણ બંધ કરી દીધું હતું. પરિવાર અને સમાજના આગેવાનો દ્વારા સમાધાનના પ્રયાસો કરવામાં આવ્યા હતા. ઉપરાંત પોલીસ અરજી અને કાનૂની સેવા સત્તામંડળ સમક્ષ પણ રજૂઆતો કરવામાં આવી હતી. તેમ છતાં કોઈ ઉકેલ ન આવતા મહિલાએ આખરે પોલીસનો સહારો લીધો છે.

### ફાયરબ્રિગેડે આગ પર કાબુ મેળવ્યો

# કરજણના લીલોડ રોડ પર ડમ્પરમાં ભીષણ આગ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.16 કરજણના લીલોડ રોડ પર મધરાત્રે એક ચાલુ ડમ્પરમાં અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા સમગ્ર ડમ્પર આગની લપેટમાં આવી ગયું હતું. પ્રાપ્ત માહિતી મુજબ બોડેલીથી રેતી ભરીને સુરત તરફ જઈ રહેલું ડમ્પર લીલોડ રોડ પરથી પસાર થઈ રહ્યું હતું ત્યારે અચાનક તેમાં આગ ભભૂકી ઉઠી હતી. ડ્રાઈવરે સમયસૂચકતા વાપરી ડમ્પર થોભાવી બહાર નીકળી જતા મોટી દુર્ઘટના ટળી હતી. ઘટનાની જાણ થતાં જ કરજણ ફાયરબ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર જવાનોએ પાણીનો સતત મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબુ મેળવ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. પરંતુ ડમ્પરને મોટું નુકસાન પહોંચ્યું છે. આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા માટે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### ક્રેનની મદદથી ટ્રેક્ટરને રસ્તા પરથી હટાવી વાહનવ્યવહાર પૂર્વવત કરાયો

# ગોરવામાં VMCની કામગીરી દરમિયાન ટ્રેક્ટર પલટી ગયું, માર્ગ પર અફરાતફરી



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૬ શહેરના ગોરવા વિસ્તારમાં વડોદરા મહાનગર સેવા સદન દ્વારા ચાલી રહેલી એક કામગીરી દરમિયાન એક મોટી દુર્ઘટના સહેજમાં અટકી હતી. જાહેર માર્ગ પર VMCનું એક ટ્રેક્ટર અચાનક સંતુલન ગુમાવી બેસતા રોડ પર જ પલટી ખાઈ ગયું હતું. ભરચક વિસ્તારમાં બનેલી આ ઘટનાને પગલે સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં થોડા સમય માટે ભારે અફરાતફરી અને દોડધામનો માહોલ સર્જાયો હતો. જે સમયે આ ટ્રેક્ટર પલટી ખાયું, તે સમયે આસપાસથી પસાર થતાં અન્ય વાહનો સહેજ માટે બચી ગયા હતા. કોઈ ગંભીર જાનહાનિ ન થતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. ઘટનાને પગલે ગોરવાના મુખ્ય માર્ગ પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. સ્થાનિક લોકોએ તાત્કાલિક મદદ અર્થે દોડી આવી આ અંગે કોર્પોરેશનના અધિકારીઓને જાણ કરી હતી. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, સ્માર્ટ સિટી વડોદરામાં કોર્પોરેશનની કામગીરી દરમિયાન પૂરતી સુરક્ષા કે સાવચેતી રાખવામાં આવતી નથી. વારંવાર જાહેર માર્ગો પર આવી ઘટનાઓ બનવાના કારણે નિર્દોષ નાગરિકોના જીવ જોખમમાં મુકાય છે. ઘટના બાદ ક્રેનની મદદથી ટ્રેક્ટરને રસ્તા પરથી હટાવી વાહનવ્યવહાર પૂર્વવત કરવામાં આવ્યો હતો. તંત્ર દ્વારા આ મામલે તપાસના આદેશ અપાયા છે કે કેમ તે હજુ જાણી શકાયું નથી.

### કળિયુગી દિકરા અને પુત્રવધૂનું પરાક્રમ

# વૃદ્ધ માતાને ઘરમાં જમવાનું નહી આપી મારઝૂડ કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.16 બાપોદના 54 વર્ષીય મહિલાએ પોતાના દીકરા અને પુત્રવધૂ દ્વારા થતા માનસિક અને શારીરિક ત્રાસથી કંટાળી મહિલા હેલ્પલાઈન 181ની મદદ માંગી હતી. મહિલાનો આક્ષેપ છે કે પતિના અવસાન બાદ દીકરો અને વહુ તેમને ઘરમાં પ્રવેશ કરવા દેતા નથી, ઘરકામ કરાવે છે, જમવાનું આપતા નથી અને વારંવાર તેમની મારપીટ કરે છે. મળતી માહિતી મુજબ, 181 અભયમ ટીમ બાપોદ વિસ્તારમાં મહિલાના નિવાસસ્થાને પહોંચી હતી. મહિલાએ કાઉન્સેલિંગ દરમિયાન જણાવ્યું હતું કે તેમના પતિનું અવસાન થઈ ચૂક્યું છે અને હાલમાં તેઓ પોતાની જેઠાણીના ઘરે રહેવા મજબૂર બન્યા છે. મહિલાના જણાવ્યા મુજબ, તેમના નણંદે તેમને એક મકાન આપ્યું હતું, પરંતુ દીકરો અને વહુ તેમની સાથે અયોગ્ય વર્તન કરી રહ્યા છે. તેઓ ઘરમાં આવે તો ગાળો બોલી, મારપીટ કરવી અને સામાન બહાર ફેંકી દેવા જેવી હરકતો કરવામાં આવે છે. મહિલાએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે તેમનું સોનું-ચાંદીના ઘરેણા પણ દીકરા અને વહુએ પોતાના કબજામાં લઈ લીધા છે અને સતત શારીરિક માનસિક ત્રાસ આપીને હેરાન કરી રહ્યા છે. આ અતિશય ગુજારાતા ત્રાસના કારણે કંટાળી તેમણે બંનેના કાઉન્સેલિંગ માટે 181 હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. 181 ટીમે મહિલાના દીકરા અને વહુ સાથે ચર્ચા કરીને કાઉન્સેલિંગ કર્યું હતું. કાઉન્સેલિંગ દરમિયાન પણ દીકરા - વહુ દ્વારા માતાને નહી અપનાવતા હોવાનું સામે આવ્યું હતું. મહિલાએ પોતાના દીકરા અને વહુ વિરુદ્ધ કાનૂની કાર્યવાહીની ઈચ્છા વ્યક્ત કરી હતી. 181 ટીમે મહિલાને નજીકના પોલીસ સ્ટેશન સુધી પહોંચાડી જરૂરી ફરિયાદમાં મદદ કરી હતી. મહિલા પોતાની જેઠાણી સાથે તેમના ઘરે રહેવા ગયા હતા. વૃદ્ધાએ પોલીસ પાસે પણ ન્યાયની માંગણી કરી છે.

# ૧૮ જૂને રાષ્ટ્રીય પેન્શન અદાલતનું આયોજન

( પ્રતિનિધિ ) વડોદરા,તા.16 રાષ્ટ્રીય પેન્શન યોજના સાથે જોડાયેલા કર્મચારીઓ અને ગ્રાહકોના પ્રશ્નોના સ્થળ પર જ નિરાકરણ માટે ભારતીય ટપાલ વિભાગ, વડોદરા પૂર્વ વિભાગ દ્વારા રાષ્ટ્રીય પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ અદાલત તારીખ 18 જૂન 2026, બુધવારના રોજ બપોરે 4.00 કલાકે રાવપુરા સ્થિત વડોદરા હેડ પોસ્ટઓફીસ બિલ્ડીંગના બીજા માળે, પ્રવર અધિક્ષક ડાકઘરની કચેરીમાં યોજાશે. વિભાગ દ્વારા જણાવાયું છે કે, આ અદાલત ફક્ત વડોદરા પૂર્વ વિભાગ હેઠળના એનપીએસ ખાતાધારકો માટે છે. અહીં એનપીએસ ખાતાની કામગીરી, પાન નંબર સંબંધિત સમસ્યા, યોગદાન જમા ન થવું, ઉપાડ પ્રક્રિયામાં વિલંબ, નોમિનેશનમાં સુધારો કે અન્ય વહીવટી મુદ્દાઓ જેવી ફરિયાદોનું સ્થળ પર જ નિરાકરણ લાવવામાં આવશે.

### ડભોઇ રોડ પર વુડાના આવાસમાં પૈસાની ઉઘરાણી બની લોહિયાળ !

# પૈસાની લેવડ-દેવડ મુદ્દે મારામારી, લાકડીના ફટકાથી મહિલા ઘાયલ

**મહિલા પર** જીવલેણ હુમલો, વીડિયો વાયરલ

(પ્રતિનિધિ) વડોદરા તા.16 વડોદરાના ડભોઈ રોડ પર આવેલા વુડા આવાસમાં ઉછીના આપેલા પૈસા પરત માંગવાની બાબત હિંસક વળાંક લેતા એક મહિલાને પોતાના જ સંબંધીઓના હુમલાનો ભોગ બનવું પડ્યું છે. ડંડા અને ગડદાપાટુના મારથી મહિલાને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને એસ.એસ.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં મામલો ચર્ચાનો વિષય બન્યો છે. પોલીસે ચાર આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. વડોદરા શહેરના ડભોઈ રોડ પર આવેલા મહાનગર વુડાના મકાનમાં રહેતી પરવીનબેન ઈસરાર અંસારી (ઉ.વ. 32)



એ પોતાની બહેનની દીકરી સીમરનને અગાઉ ઉછીના રૂપિયા આપ્યા હતા. ગત 15 જૂનના રોજ રાત્રે લગભગ 11 વાગ્યાના અરસામાં સીમરન પરવીનબેનના ઘરે આવી હતી. દરમિયાન પરવીનબેને પોતાના ઉછીના આપેલા પૈસા પરત માંગતા મામલો ઉગ્ર બની ગયો હતો. સીમરને ઉશ્કેરાઈ ગાળાગાળી શરૂ કરી હતી. થોડી જ વારમાં તેનો ભાઈ સલમાન પઠાણ ડંડો લઈને ત્યાં પહોંચી ગયો હતો અને પરવીનબેનના માથામાં ફટકો મારતા તેઓ જમીન પર ઢળી પડ્યા હતા. ત્યારબાદ મોટી બહેન સલમા કુરેશીએ પણ ગડદાપાટુનો માર માર્યો હતો. ઝઘડો અટકાવવા વચ્ચે પડેલા પરવીનબેનના માતા સૈયદા પઠાણને પણ લાફો મારવામાં આવ્યો હતો. હુમલામાં ઘાયલ બનેલા પરવીનબેનને 108 એમ્બ્યુલન્સ મારફતે એસએસજી હોસ્પિટલના તાત્કાલિક સારવારમાં ખસેડવામાં આવ્યા હતા. આરોપીઓ સાથે આવેલા વિક્કી વાઘરીએ પરવીનબેનની દીકરીઓ સાથે પણ ઝપાઝપી કરી હતી અને પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘટના બાદ હોસ્પિટલમાંથી જ પરવીનબેને સીમરન પઠાણ, સલમાન પઠાણ, સલમા કુરેશી અને વિક્કી વાઘરી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

### બાળલગ્નનો વિરોધ કરતા ગરમ સ્ક્રુ ડ્રાઈવરથી ડામ આપતા હતાં

# સગીરાને ડામ આપનાર ત્રણ ફોઈને ૨૦ વર્ષની કેદ

(પ્રતિનિધિ) વડોદરા તા.16 વારસિયા વિસ્તારમાં સામે આવેલા બાળલગ્ન અને પોક્સો કેસમાં અદાલતે કડક વલણ અપનાવી ત્રણ મહિલા આરોપીઓને 20 વર્ષની સખત કેદની સજા ફટકારી છે. 17 વર્ષથી ઓછી ઉંમરની ભોગ બનનારી સગીરાએ વારસિયા પોલીસ સ્ટેશનમાં પહોંચીને પોતાની વ્યથા વ્યક્ત કરીકે માતા-પિતાના અવસાન બાદ તે ફોઈઓ સાથે રહેતી હતી. તેની ઉંમર 16 વર્ષની હતી ત્યારે ફોઈ સુધાબેન વાઘરીએ રૂ.2 લાખ લઈને અમદાવાદના ફેદરા ગામના સુરેશ લોરીયા સાથે લગ્ન કરાવ્યા હતાં. સગીરાને આ લગ્ન મંજૂર ન હોવાથી તે લગ્નના ચાર દિવસ બાદ સાસરેથી પરત ફરતાં ફોઈઓએ ફરી સાસરે મોકલવા માટે દબાણ કરતાં સાસરે જવાની ના પાડતાં ત્રણેય ફોઈઓએ મળીને તેની મારપીટ કરી હતી. એટલું જ નહીં, લગ્ન કરવા ઈનકાર કરતા ફોઈ દ્વારા ગરમ કરેલા સ્ક્રુ ડ્રાઈવરથી કપાળ, ગાલ, હાથ અને શરીરના અન્ય ભાગોમાં ડામ મૂકવામાં આવ્યા હતા. તેને જાનથી મારી નાખવાની ધમકીઓઅપાઈ હતી. અદાલતે આરોપી સુધાબેન કાળુ વાઘરી, તેજલબેન ઉર્ફે હેતલ વાઘરી અને રમીલા વિરમગામીયાને દોષિત ઠેરવી દરેકને 20 વર્ષની સખત કેદ તથા રૂ.50 હજાર દંડની સજા ફટકારી છે. દંડની રકમમાંથી રૂ.45 હજાર ભોગ બનનારને વળતર તરીકે ચૂકવવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે. દંડ ન ભરવામાં આવે તો વધુ એક વર્ષની સાદી કેદ ભોગવવાની રહેશે. ઉપરાંત આરોપીઓએ ભોગ બનના સગીરાને પાંચ લાખ રૂપિયા વળતર રૂપે પણ ચૂકવવા માટેના કોર્ટે આદેશ કર્યો છે. યુવતીની સગીર વયની હોવા છતાં સુરેશ લોરીયાએ તેની સાથે લગ્ન કરી શારીરિક સંબંધ બાંધી બળાત્કાર પણ ગુજારવામાં આવ્યો હતો. જેના આધારે પોલીસે ગુનો નોંધ્યો હતો.